દેશ ભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

અષાઢ પૂર્ણિમા
વિક્રમ સંવંત ૨૦૭૬

ભારત જન જાગૃતિ
અભિયાન
પુસ્તક - ૧

# શાશ્વત સંદેશ



આર્યો હિંદુસ્તાનના જ નિવાસી,
બહારથી આવ્યાં નથી

ભારતીય સંસ્કૃતિના મૂળમાં ત્યાગ અને
પશ્ચિમના દેશોમાં લૂંટની ભાવના

ખાતમુહૂર્ત વિધિનો મર્મ અને
વિધિવિધાનનું વ્યવહારીક રહસ્ય

સદ્ગુરુ સ્વીકાર કરે કે ન કરે,
આપણે શિષ્ય બન્યાં એટલે પૂરું

जो ना खौला, खून नहीं पानी है, देश के
काम ना आये वो बेकार जवानी है...

ॐ યોગેશ્વરાય નમઃ ॐ મા સર્વેશ્વર્યૈ નામઃ



પૂ. શ્રી યોગેશ્વરજી પૂ. શ્રી મા સર્વેશ્વરી

ગુરુબ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુદેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈં શ્રી ગુરવે નમઃ

આજના ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ગુરુ ભગવંત પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીના ચરણોમાં અનંતકોટિ પ્રણામ સાથે શાશ્વત સંદેશનો આ પ્રથમ અંક સુજ્ઞ વાચકોના હાથમાં મૂકતા અત્યંત હર્ષની લાગણી અનુભવી રહ્યાં છીએ.

અમારો હંમેશા પ્રયત્ન રહેશે કે આપને શિષ્ટ સાહિત્યનો રસથાળ પીરસતા રહીશું. લોકોમાં દેશ અને સંસ્કૃતિની ભાવના જાગૃત થાય, પ્રજ્વલીત બને અને સૂર્યની જેમ પ્રકાશી ઊઠે એ દિશામાં સદાયે અમારો પ્રયત્ન રહેશે. સંસ્કૃતિના ઊષઃકાળમાં ભારતની જે ભવ્યતા હતી તે આજે ભલે ઝાંખી પડી છે પણ તેને ફરીથી તેની મૂળ સ્થિતિએ પહોચાડવા માટેના આ ભગીરથ યજ્ઞમાં ગુરુદેવના આશીર્વાદ અને સૌના સહકારની નિતાંત આવશ્યક્તા રહે છે. ભારતીય સંસ્કૃતિના જયોતિર્ધરો પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. શ્રી મા સર્વેશ્વરી સદાયે મારા પ્રેરણાસ્ત્રોત રહ્યાં છે. આ તકે હું પૂ. શ્રી મોટાને પણ યાદ કરીશ જેમણે આ દેશ અને સમાજને બેઠો કરવા માટે મહત્વનું યોગદાન આપ્યું છે અને મારા માટે સદાયે માર્ગદર્શક રહ્યાં છે.

લી.
યોગેશ કવીશ્વર
શાશ્વત સંદેશ પરિવાર

પ્રકાશન સ્થળ:
યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-
૩૬૫૬૦૧

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

સંપાદક:યોગેશ કવીશ્વર

Applied for Registration
ISSN Request ID: 26536

વર્ષ-૧ અંક-૧ અષાઢ પૂર્ણિમા વિક્રમ સંવત ૨૦૭૬

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો

## લવાજમ

વાર્ષિક રુ. ૧૦૦

ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે અને એક સાથે ગમે તેટલા વર્ષનું લવાજમ ભરી શકાય છે લવાજમની રકમ બેંક ખાતામાં મોકલાવીને સ્ક્રીનશોટ કે પહોચની નકલ વોટ્સએપ કે ઈમેલ દ્વારા મોકલીને જાણ કરવી.

મનીઓર્ડરથી પણ લવાજમ ભરી શકાય છે, સાથે અંક મેળવવા માટેનું ઈમેલ સરનામું અચૂક મોકલવું.

તમામ પ્રકારનો પત્ર વ્યવહાર પ્રકાશન સ્થળના સરનામા પર કરવો.

## ઈ બેંકીંગ:

**ખાતાનું નામ:** યોગેશ કવીશ્વર
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નાગનાથ મેઈન બ્રાંચ, અમરેલી
**બચત ખાતા નં:**૩૩૮૩૫૫૪૫૭૨૫
**IFS code: SBIN0000312**

વેબસાઈટ : www.shashwatsandesh.com
ઈમેઈલ : admin@shashwatsandesh.com

## લેખકો માટે

- શાશ્વત સંદેશ માટે તેની ભાવનાને અનુરુપ લેખો, ગીતો, કાવ્યો મોકલવા લેખકોને આમંત્રણ છે. યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવશે.
- લખાણ પોસ્ટ દ્વારા પ્રકાશનના સરનામા પર કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખીને અથવા ટાઈપ કરેલી પ્રિન્ટ કાઢીને મોકલી શકાય છે.
- લેખ વગેરે ઈમેલ દ્વારા પણ મોકલી શકાય છે. સાથે લેખકનું પૂરું નામ અને સરનામું અવશ્ય લખવાં.

ટાઈપસેટિંગ:
પ્રણવ જોષી
મો.૮૩૨૦૬૦૬૪૧૫
સરનામુ : નાગનાથ મંદિર પાસે, લાયબ્રેરી રોડ,
અમરેલી - ૩૬૫૬૦૧

* અમરેલી ન્યાયક્ષેત્રને આધીન.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| મુખપૃષ્ઠ | -- | -- |
| ગુરુવંદના | સંપાદક | -- |
| તંત્રીપાનું | -- | ૦૧ |
| દૈવીકાર્યનો આરંભ | સંપાદક | ૦૨ |
| આર્યો હિંદુસ્તાનના નિવાસી | શ્રી યોગેશ્વરજી | ૦૩ |
| સંસ્કૃતિના મૂળમાં ત્યાગ | સંપાદક | ૦૫ |
| ખાતમુહૂર્તનો મર્મ | પૂ. શ્રી મોટા | ૦૭ |
| લાખો વર્ષ પહેલા ભારત | સંપાદક | ૦૯ |
| સદ્‌ગુરુ વિષે | શ્રી યોગેશ્વરજી | ૧૧ |
| યુવાનો માટે | સંપાદક | ૧૩ |
| આગામી તહેવારો | -- | ૧૪ |
| ઓ ભારત તારી શાન | શ્રી યોગેશ્વરજી | ૧૫ |


## ગ્રાહકો માટે

- ગ્રાહકોને પોતાનો ગ્રાહક નંબર લવાજમની પાકી પહોંચ સાથે આપવામાં આવ્યો હોય છે તે નોંધી લેવો.
- શાશ્વત સંદેશ અંગે આપના પ્રતિભાવો તેમજ આપનો સહકાર આવકાર્ય છે. પ્રતિભાવો આપ ઈમેલ દ્વારા કે કાર્યાલયના સરનામે મોકલી શકો છે. અમારું કાર્ય આપને ગમ્યું હોય તો અન્ય વ્યક્તિને પણ ગ્રાહક બનવા માટે પ્રેરીને આપ આ કાર્યમાં યોગદાન આપી શકો છે.
- અંક દરેક મહિનાની પૂર્ણિમાના દિવસે પ્રકાશિત થશે અને આપને ઈમેલ દ્વારા અંક મોકલવામાં આવશે.
- આપ અમારી વેબસાઈટ પર પણ મર્યાદિત સાહિત્ય વાંચી શકો છો અને નમૂના માટે મૂકવામાં આવેલા અંકો વાંચી શકો છો.
- અમારી વિનંતી છે કે કોઈપણ અંકની પીડીએફ આપ સોશ્યલ મીડિયામાં શેયર કરશો નહીં. અમારો ઉદ્દેશ્ય છે કે આ વાંચનથાળ યોગ્યતા ધરાવતા સુપાત્ર લોકો સુધી પહોચે. સોશ્યલ મીડિયા આ માટેનું યોગ્ય માધ્યમ નથી.

તંત્રી લેખ

# દૈવીકાર્યનો શુભારંભ...

કલમ ચલાવ્યે જા, ઓ લેખક, કલમ ચલાવ્યે જા!
ગૌરવભીનું ગા, ઓ લેખક, કલમ ચલાવ્યે જા!

આકૃત અભ્ર છવાયા આભે, સૂર્ય રુપ તું થા!
પ્રાણ બધાનાં ઝંકૃત કરતાં, પ્રકાશ પાવન પા! ... ઓ લેખક

વીંટે વરાળ વિષની સૌને, અમૃત ત્યારે થા,
જોમભર્યો જીવનરસરેલી, ન્હવરાવીને ન્હા! ... ઓ લેખક

વસંત બનતાં પાનખર મહીં, પ્રફૂલ્લ પર્વને વા,
કાળ કરાળ ઊભો હો સામે, નિર્ભય બનતાં ગા! ... ઓ લેખક

સત્તાધન અનૃતથી ડરતાં મૂક રહેતો ના,
અહર્નિશ રહી આઝાદ ભલે, આતમ સૌનો થા! ... ઓ લેખક

જોજે દોષ ન લાગે તુજને, પ્રમાદ છોડી ગા,
મનુકૂળમાં ક્રાંતિ કરે એવી બની પ્રેરણા જા! ... ઓ લેખક

-શ્રી યોગેશ્વરજી

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર પૂ. શ્રી યોગેશ્વરજીની કલમ સદાયે અનેક જીવોને પ્રેરણા આપતી રહી છે અને આજે એમની જ પ્રેરણાને અનુસરીને આ દૈવી કાર્યનો શુભારંભ થઈ રહ્યો છે. ભારતની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિએ સંસ્કૃતિના ઊષઃકાળથી જ સમગ્ર માનવજાતિને કટુંબ ભાવના, ત્યાગ, તપ જેવા ઉમદા ભાવો તેમજ આત્મા જેવા અનુભવજન્ય જ્ઞાનનો વારસો આપ્યો છે. યુગોથી અનેક મહાપુરુષોએ એને સીંચી છે અને માણી છે, સ્તવી છે તેમજ અનેક લાડ લડાવ્યાં છે. આ સંસ્કૃતિ આજે ભલે તેના અસલ સ્વરુપમાં નથી, ભલે આજે વિષમ વાયરાઓ વાઈ રહ્યાં છે, ભૌતિકવાદ અને સ્વાર્થ આજે ચરમસીમા પર છે, વિશ્વમાં ભારતનું સ્થાન ભલે આજે ગરીબ દેશ તરીકે છે પણ તેનું જે મૂળ સત્વ છે તે નાશ પામ્યું નથી અને ક્યારેય નાશ પામવાનું પણ નથી. આ વિષમ વાદળો એક દિવસ અવશ્ય વિખેરાઈ જવાના છે અને ભારતીય સંસ્કૃતિનો સૂર્ય પોતાના પૂર્ણપ્રકાશ સાથે એક દિવસ અવશ્ય ઝળહળી ઊઠશે.

આજના આ સમયમાં જ આ પ્રકારના સાહિત્યની તીવ્ર આવશ્યક્તા છે. આ ભાવના સાથે જ આ દૈવી કાર્યનો શુભારંભ થઈ રહ્યો છે. આજે આ એક નાનકડી શરુઆત છે પણ ભવિષ્યમાં એ વટવૃક્ષ બનશે. થોડા અંશે પણ આ દેશ અને સંસ્કૃતિ પ્રત્યેનું ઋણ ચૂકવી શકાશે તો એનાથી મારી જાતને ધન્ય માનીશ. આજે અશ્લિલ કહી શકાય તેવા, લોકોની કામવૃત્તિઓને ઝંકૃત કરીને તેમને ગેરમાર્ગે દોરે, આધુનિકતાના નામે લોકોને પોતાની સંસ્કૃતિથી દૂર કરે, ખરાબ સંસ્કારોને પ્રેરે તેવા તેવા સાહિત્યની ભરમાર છે અને આપણી યુવા પેઢી એ દિશામાં ધકેલાઈ રહી છે, ઢસડાઈ રહી છે અને આ સાથે જ આપણા દેશનું ભવિષ્યય પણ. તેથી આજે આ પ્રકારના શિષ્ટ તેમજ લોકોને સંસ્કૃતિની સાચી ઓળખ આપે, સંસ્કારોનું સૂચન કરે, દેશભક્તિની ભાવના જગાડે તેવા સાહિત્યની આવશ્યક્તા છે અને આ કારણે જ આ શુભ શરુઆત છે.

શાશ્વત સંદેશમાં દેશભાવના, ભારતીય સંસ્કૃતિની ઓળખ અને અધ્યાત્મનો સમન્વય કરીને સાહિત્યની પસંદગી કરવામાં આવે છે. યુવાનો દેશભાવના સાથે એકત્રિત બને, તેમનામાં સારા સંસ્કારોનું સિંચન થાય, એટલું જ નહીં પણ સંગઠિત થઈને દેશ માટે કાર્ય કરે એ માટે પણ અમારો ભગીરથ પ્રયત્ન રહેશે.

પૂ. શ્રી યોગેશ્વરજીએ ઉપરોક્ત કાવ્યમાં લેખકોના કર્તવ્યને સુપેરે સમજાવ્યું છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે જ કલમ પકડી છે. પરમ કૃપાળું પરમાત્મા અને મા ભગવતી આ કાર્યને નિભાવવાની શક્તિ પ્રેરણા આપે એ જ એમના શ્રી ચરણોમાં પ્રાર્થના છે. શાશ્વત સંદેશ વાંચી રહેલા તમામ સુજ્ઞ વાચકોને પણ આ દૈવી કાર્યમાં સહભાગી બનવા માટે હૃદયપૂર્વક આમંત્રણ છે. આપ વધુંને વધું લોકો સુધી તેનો ફેલાવો કરીને, સારા અને શિષ્ટ લેખો મોકલીને પણ આ કાર્યમાં આપનું યોગદાન આપી શકો છો. આપ ભારત જનજાગૃતિ અભિયાનમાં જોડાઈને જે ક્ષેત્રમાં છો ત્યાં જ સારા કાર્યો કરીને પણ દેશ માટે સક્રિય સહયોગ આપી શકો છે. આ સૌના આશીર્વાદ, પ્રતિભાવો સદૈવ આવકાર્ય છે. આપ અમને admin@shashwatsandesh.com પર આપના પ્રતિભાવો મોકલી શકો છો.

શાશ્વત સંદેશમાં અમે આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ ભારતીય વિક્રમ સંવત પંચાંગનો ઉપયોગ કરીએ છીએ અને તેથી જ એ દર મહિનાની પૂર્ણિમાના દિવસે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

-સંપાદક

**સાચો ઈતિહાસ**

# આર્યો હિંદુસ્તાનના જ નિવાસી, બહારથી આવ્યાં નથી

## આર્યો હિન્દુસ્તાનના નિવાસી હતા એટલું જ નહિ પરંતુ હિન્દુસ્તાનમાં જ જન્મ્યા હતા. આ જ એમનો દેશ હતો, આ જ એમની જન્મભૂમિ હતી,બીજા કોઈ સ્થળથી એ નહોતા આવ્યા

- શ્રી યોગેશ્વરજી

નાનપણમાં અભ્યાસકાળ દરમિયાન શિક્ષક અમને હિન્દુસ્તાનનો ઈતિહાસ શીખવતા ત્યારે ઈતિહાસનો શરૂઆતનો પાઠ આપતા કહેતા કે આર્યો હિન્દુસ્તાનમાં જન્મ્યા ન હતા પરંતુ હિન્દુસ્તાનની બહારથી આવ્યાં હતા. હિન્દુસ્તાનમાં તો અનાર્ય, દ્રવિડ, અથવા તો તદ્દન જંગલી પ્રજા વસતી હતી. તે પ્રજા પાસે કોઈ આગળ પડતું વિશેષ જીવનદર્શન ન હતું, જ્ઞાન ન હતું, શાસ્ત્રો ન હતાં, રાજ્યબંધારણ ન હતું. અને સુવ્યવસ્થિત સમાજરચના પણ ન હતી. આર્યો હિન્દુસ્તાનની બહારથી હિન્દુસ્તાનમાં રહેવા આવ્યા ત્યારે પોતાની સાથે સુંદર સંસ્કૃતિ લાવ્યા, શસ્ત્રો લાવ્યા, વ્યવસ્થા લાવ્યા ને બંધારણ પણ લેતા આવ્યા. એમના સંપર્કથી આ દેશની મૂળ જંગલી ને પછાત પ્રજા ધીરેધીરે વખતના વીતવા સાથે સુધરતી ગઈ. એટલે સંક્ષેપમાં, તમારા અથવા તો આપણાં પૂર્વજો આ દેશના ન હતા.

હિન્દુસ્તાનની શિક્ષણસંસ્થાઓમાં પરંપરાથી એવું શિક્ષણ મળ્યા કરતું, અને આજે પણ મળ્યા કરે છે. ઈતિહાસનો એક જ જાતનો જપ આખાયે દેશમાં, ઉત્તરથી દક્ષિણ ને પૂર્વથી પશ્ચિમ બધે જ ચાલ્યા કરતો. રોજ ઊઠીને એ જ પાઠ અને એ જ જાપ. એવા પાઠને પરિણામે પ્રજાની અંદર કેવા ભાવો પેદા થાય અને કેવી અસરો ઉત્પન્ન થાય તે સહેજે સમજી શકાય એવું છે.

કોઈ દેશની પ્રજાને તમારે કાયમને માટે પદદલિત રાખવી હોય, ગુલામ બનાવવી હોય, અને દીન, હીન તથા કંગાળ કરવી હોય, તો સારામાં સારો અથવા અસરકારક રસ્તો કયો છે તે જાણો છો ? એ પ્રજાના પરંપરાગત, ભૂતકાલીન સાંસ્કૃતિક ગૌરવને નષ્ટ કરી દેવું, અને એ પ્રજાના સભ્યોને કહ્યાં કરવું કે તમે તો દીન છો, હીન છો, જંગલી, અસભ્ય કે પછાત છો; તમારી પાસે કોઈ ઈતિહાસ નથી, ગૌરવ લેવા જેવાં કોઈ જ્ઞાનવિજ્ઞાનનાં સુંદર શાસ્ત્રો નથી; કોઈ પ્રતાપી પૂર્વજો કે મહાપુરુષો નથી; તમારા કરતાં તો અમે તમને સુધારવા આવ્યા છીએ, અને તમારે અમારી પાસેથી જીવનનાં સર્વ ક્ષેત્રોમાં ઘણું જ શીખવાનું છે. જે પ્રજાને રોજ રોજ એવા પાઠ શીખવવામાં આવે, અને જે પ્રજા એવા પાઠોનું નિરંતર પોપટપારાયણ કરે, તે પ્રજાનું રહ્યુંસહ્યું ગૌરવ અને આત્મબળ પણ ક્રમેક્રમે નાશ પામે. વળી તે પ્રજાને નિરંતર કહેવામાં આવે કે તમારા પૂર્વજો આ દેશના ન હતા પરંતુ બહારથી આવ્યા હતા, તો તે પ્રજામાં એકતા તથા રાષ્ટ્રીયતાનો ભાવ કેવી રીતે પેદા થઈ શકે ? તે પ્રજા રાષ્ટ્રીય અસ્મિતા અને રાષ્ટ્રીય ગૌરવથી સંપન્ન પણ કેવી રીતે બની શકે ? એના પર રાષ્ટ્રહિતની દ્રષ્ટિએ અત્યંત વિઘાતક અસર થતી જાય.

હિન્દુસ્તાની પ્રજાને પરાધીન રાખવાની પરદેશી સત્તાની નેમ હતી, એટલે એના ઈતિહાસનો પ્રથમ પાઠ પણ એવો ભ્રામક અથવા કઢંગો લખવો પડ્યો. હિન્દુસ્તાનના ઈતિહાસના પાઠને એ સંદર્ભમાં જોવાની જરૂર છે. આશ્ચર્ય અને કરુણતાની કથની તો એ છે કે પરદેશી ઈતિહાસકારોએ જ નહિ પરંતુ હિન્દુસ્તાનના ઈતિહાસકારોએ પણ એમાં સૂર પુરાવવા માંડ્યો એથી વિશેષ દુ:ખદ વાત બીજી કઈ હોઈ શકે? જે પ્રજા પોતાના સાંસ્કૃતિક ગૌરવને અને પોતાના ભૂતકાલીન ઉજ્જવળ ઈતિહાસને જ ભૂલી જાય તે પ્રજા એક

**કોઈ દેશની પ્રજાને તમારે કાયમને માટે પદદલિત રાખવી હોય, ગુલામ બનાવવી હોય, અને દીન, હીન તથા કંગાળ કરવી હોય, તો સારામાં સારો અથવા અસરકારક રસ્તો કયો છે તે જાણો છો ? એ પ્રજાના પરંપરાગત, ભૂતકાલીન સાંસ્કૃતિક ગૌરવને નષ્ટ કરી દેવું**

આદર્શ પ્રજા તરીકે જગતમાં જીવી નથી શકતી. એ પ્રજા સ્વમાન ખોઈ બેસે છે, પોતાનું બધું ખોટું ને બીજાનું સાચું તથા સારું સમજવા માંડે છે, અને કાયમને માટે પતિત તેમજ હડધૂતની પેઠે શ્વાસ લે છે.

ત્યારે શું આર્યો આ જ દેશના એટલે કે હિન્દુસ્તાનના નિવાસી હતા ? એ હિન્દુસ્તાનની બહારથી આવ્યા'તા એ વાત શું ખોટી છે ? હા. સંપૂર્ણ ખોટી છે. આર્યો હિન્દુસ્તાનના નિવાસી હતા એટલું જ નહિ પરંતુ હિન્દુસ્તાનમાં જ જન્મ્યાં હતા. આ જ એમનો દેશ હતો, આ જ એમની જન્મભૂમિ હતી, અને બીજા કોઈ બહારના સ્થળથી એ અહીં નહોતા આવ્યા. હિન્દુસ્તાનના મહાન સ્મૃતિકાર મનુએ એ વાતનો ઉલ્લેખ કરેલો છે. એ કહે છે કે આ દેશની પ્રજા સૌથી પહેલાં જન્મેલી છે, અને સુધારણા તથા સંસ્કારની દુનિયામાં પણ સૌથી આગળ છે. આ પ્રજાની પાસેથી પૃથ્વીની બીજી પ્રજાઓએ ઉત્તમ જીવનના આદર્શ ઉપદેશમંત્રોનું શિક્ષણ લેવું. મનુ મહારાજના મૂળ શબ્દો આ રહ્યા :

'એતદ્દેશપ્રસૂતસ્ય સકાશાદગ્રજન્મનઃ સ્વં સ્વં ચરિત્રશિક્ષેરન્ પૃથિવ્યાં સર્વમાનવાઃ.'

એમાં મનુ મહારાજે 'એતદ્દેશ પ્રસૂતસ્ય' એવો શબ્દ પ્રયોગ કરેલો છે. 'આ દેશમાં જન્મેલી' એમ કહીને એમણે સંસ્કૃતિના સ્વર્ણશિખર પર પહોંચેલી આર્ય પ્રજાનો પરિચય આપ્યો છે, અને એ પ્રજાએ પૃથ્વીની બીજી પ્રજાઓને આદર્શ જીવનના રહસ્યમંત્રો શીખવવા એવી સૂચના કરી છે. આર્યો કોઈ પણ બહારના પ્રદેશમાંથી નહોતા આવ્યા પરંતુ દેશમાં જ જન્મ્યા હતા એવો એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. એટલે એ સંબંધી કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન જ નથી રહેતું. ઊલટું, એ હકીકત સ્પષ્ટ બને છે કે સંસ્કૃતિમાં અગ્રગણ્ય ગણાતા આર્યો હિન્દુસ્તાનની બહાર જઈને જુદા જુદા દેશોમાં ધર્મ તથા સંસ્કૃતિનો પ્રચાર કરતાં હતાં. દુનિયાના જુદા જુદા દેશોમાં પ્રાચીન હિંદુ સંસ્કૃતિના જે જુદા જુદા અવશેષો મળે છે એના પરથી એ હકીકતને સમર્થન મળે છે.

આ વિષયનો વિચાર એક બીજી રીતે પણ કરી શકાય. કોઈ પ્રજા પોતાના મૂળ ઉદ્ભવસ્થાનને મૂકીને જ્યારે બીજા દેશમાં જાય છે ત્યારે પોતાની સાથે પોતાનું રાજ્યબંધારણ, પોતાના સામાજિક રીતરિવાજો, પોતાની સમાજરચના, જીવનપદ્ધતિ, ખાસિયતો કે પોતાનાં સાંસ્કૃતિક રહસ્યો તથા મૂલ્યોને પણ લેતી જાય છે. એનો ત્યાગ એ નથી કરતી. બીજા પ્રદેશના સાંસ્કૃતિક પ્રવાહની અસર નીચે એ ધીરે ધીરે આવતી જાય તો પણ એ રહસ્યો તથા મૂલ્યોનાં અંકુરો તો એની પાસે રહી જ જાય છે, અને એ અંકુરો એની જીવનપદ્ધતિમાં તથા એના સાહિત્યમાં પ્રકટ થાય છે. પોતાની જન્મભૂમિ પ્રત્યેના પ્રેમને, એની વિશેષતાને, તથા રાષ્ટ્રીય ગૌરવને એ સંપૂર્ણપણે નથી ભૂલતી. એ વસ્તુ એના અંતરઆત્મામાં ઓતપ્રોત થઈને કે એના પ્રાણ સાથે વણાઈ જઈને એના સ્વભાવનું અમૂલખ અંગ બની ગઈ હોય છે.

એ દ્રષ્ટિએ જોતાં, આર્યો જો હિન્દુસ્તાનની બહારથી આવ્યા હોત તો તેમની સાથે તેમના શસ્ત્રોને લેતા આવત, તેમની વિશિષ્ટ જીવનપદ્ધતિઓને લાવત, અને એમના સાહિત્યમાં એમના મૂળ દેશનું, એ દેશની પ્રજા, ઋતુ, તથા નદીઓનું ક્યારેક પણ વર્ણન કરત. પરંતુ વેદમાં શું જોવા મળે છે ને શેનું વર્ણન છે ? ગંગા, યમુના, સિંધુ ને સરસ્વતી જેવી નદીઓનું, સમુદ્રનું, ઉષા અને સંધ્યાનું, શરદ, વસંત ને વર્ષા જેવી ઋતુઓનું, સુંદર ફળોનું, હિમાલયનું, યજ્ઞોનું, ગણરાજ્યોનું, બ્રાહ્મણ જેવા વર્ણોનું અને બ્રહ્મચર્ય જેવા આશ્રમોનું, તપસ્વીઓનું તથા તેમના વિશાળ સ્થાનોનું, વેદ અને પછીના વિભિન્ન સાહિત્ય વૈભવવાળી પ્રજા એના સાહિત્યમાં હિન્દુસ્તાનને જ પોતાનો દેશ કહે છે. એમાં વર્ણવાયલી જીવનવ્યવસ્થા, વર્ણાશ્રમવ્યવસ્થા અને બીજી નાનીમોટી વિગતો દુનિયાના બીજા કયા દેશમાં જોવા મળે છે? વેદકાળમાં એ વિગતો, વિષયો ને વસ્તુઓનું દર્શન બીજે ક્યાં થતું હતું ? જો આર્યો કોઈ બીજા દેશના વતની હોત, તો એ દેશનું ગૌરવગીત ગાવાનો પ્રયત્ન એમણે પોતાના સાહિત્યમાં સ્વાભાવિક રીતે જ કર્યો હોત. પોતાની નદીઓ, ઋતુ કે પર્વતોની સ્મૃતિ કરીને એમણે એમને અક્ષરદેહમાં અંજલિ આપી હોત. પરંતુ એમના સાહિત્યમાં તો હિન્દુસ્તાન જ ધબકે છે. એ હિન્દુસ્તાનના જ નિવાસી હતા એટલે હિન્દુસ્તાનનું જયગાન જ એમને માટે સહજ હતું.

ગુલામ દેશને બધા પ્રકારની છૂટ ના હોય એ સમજી શકાય એવું છે. એનો ઈતિહાસ પણ બીજાની મારફત જ લખાતો જાય એટલે એની દ્રષ્ટિ તથા રચના પણ જુદી જ હોય. પણ હવે તો દેશ આઝાદ થયો છે. એટલે પોતાની પ્રજાના મનમાં સંભ્રમ પેદા કરનારી તથા લઘુતાગ્રંથિ ભરનારી એવી અવળવાણી દૂર કરવી જ રહી.

ઈતિહાસના આરંભમાં જ આપવામાં આવતી એ ઊંધી માહિતી દેશને માટે નામોશીરૂપ છે.હવે દેશનો નવો ઈતિહાસ લખાય છે ત્યારે, દેશની સરકાર ને દેશના ઈતિહાસકાર એ હકીકતને સુધારીને દેશ પ્રત્યેનું પોતાનું કર્તવ્ય બજાવશે ?

# ભારતીય સંસ્કૃતિના મૂળમાં ત્યાગ અને પશ્ચિમના દેશોમાં લૂંટની ભાવના

**વિશ્વમાં જ્યારે જ્યારે પણ અશાંતિ, અધર્મ પ્રસર્યા છે ત્યારે ત્યારે ભારતના ભવ્ય ભાલમાંથી એક કિરણ આ ધરતી પર અવતર્યું છે અને તેણે માત્ર ભારત જ નહીં પણ વિશ્વના લોકોને સાચો માર્ગ બતાવીને તેનું માર્ગદર્શન કર્યું છે**

યોગેશ કવીશ્વર

આજની આધુનિક કહી શકાય તેવી તમામ શોધો પશ્ચિમના દેશોએ કરી છે અને ભારતમાં અંધવિશ્વાસ, ટીલાટપકા, ભ્રષ્ટાચાર, ગરીબી એ સિવાય કશું જ નથી. આવું માનનારા લોકોની સંખ્યા આજે વધતી જ જાય છે. તેની પાછળ અનેક કારણો છે. આપણાં ભવ્ય ભૂતકાળ, આપણું સાહિત્ય, ધર્મ, આપણી ભાષાઓથી પણ આપણે વિમુખ થતાં જઈએ છીએ જેથી આપણે ભારતમાં તો રહીએ છીએ પણ ભારત વિષે જ પૂરું જાણતાં નથી. પશ્ચિમી દેશોની સંપત્તિ અને ભૌતિક સુવિધાઓથી પણ આપણે અંજાયાં છીએ. ભારતમાં સેંકડો વર્ષો સુધી વિદેશી આક્રાંતાઓનું શાશન રહ્યું છે અને આપણે આપણાં દેશ અને સંસ્કૃતિથી વિમુખ થતાં ગયાં છીએ. આપણું જે સાહિત્ય છે તે સંસ્કૃત ભાષામાં છે જેને આપણે ભૂલી ગયાં છીએ. બહુ જ મોટું સાહિત્ય નાશ પામી ગયું છે. વેદો તો ઠીક પણ આપણે આપણાં પુરાણો પણ વાંચતાં નથી. આજે આપણાં દેશના લોકો પોતાના માર્ગ પરથી ભ્રષ્ટ થયાં છે.



ભારતને સમજવા માટે આપણે તેને નખશીખ ભારતીયની નજરથી જોતા શીખવું પડશે. ભારતની પશ્ચિમી દેશો સાથે તુલના કરવાથી આપણે તેને ક્યારેય સમજી શકવા માટે યોગ્ય બની શકવાના નથી. ભારતની સંસ્કૃતિના આધારમાં ત્યાગની મહાન ભાવના રહેલી છે અને પશ્ચિમી દેશોમાં જે ભૌતિક સુખસમૃદ્ધિ છે તેમાં લૂંટની ભાવના રહેલી છે. માત્ર ભારત જ નહીં પણ વિશ્વના અનેક દેશો ઉપર એ લોકોએ ચડાઈ કરીને તેને પોતાના ગુલામ બનાવ્યાં અને વર્ષો સુધી તેનો રસકસ લૂંટ્યો. આજે જગત જમાદાર ગણાતા અમેરિકામાં મૂળ જે પ્રજાતિ રહેતી હતી તેનો લાખોની સંખ્યામાં સંહાર કરીને યુરોપના લોકોએ ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું હતું. આજે એ દેશોમાં જે ભૌતિક સંપત્તિ દેખાય છે તેની પાછળ લોહીયાળ ઈતિહાસ રહેલો છે. ભારતમાં અંગ્રેજોની પહેલા મુસ્લીમો આવ્યાં અને લાખો લોકોની કત્લેઆમ કરવામાં આવી હતી. વિશ્વમાં ભારત જ એકમાત્ર એવો દેશ છે કે જેણે ક્યારેય કોઈપણ દેશ ઉપર ચડાઈ કરી નથી. જ્યારે દુનિયામાં લોકો બીજાનું લૂટી લેવામાં વ્યસ્ત હતાં ત્યારે ભારતના લોકો સર્વસ્વનો ત્યાગ કરતાં પણ અચકાતા નહોતાં. મહેલો, રાજપાટ છોડીને જંગલમાં ચાલી નીકળતાં હતાં. એ લોકો પાગલ નહોતાં કે આવું કરતાં હતાં. જીવનના સત્યને તેમણે જાણ્યું જ નહીં પણ આત્મસાત કર્યું હતું.

વિશ્વના દેશોએ ભૌતિક દુનિયામાં અન્વેષણ કર્યું અને જુદી જુદી શોધો કરી છે જ્યારે ભારતના લોકોએ આંતરીક દુનિયામાં અન્વેણ કર્યું છે. મોટામાં મોટું રજવાડું હોય, તમામ પ્રકારની સુવિધાઓ હોય પણ એ બધું જ અહીં છોડીને જ જવાનું છે અને

જીવનની ક્ષણભંગુરતા સામે એની પાછળ પોતાનું જીવન વેડફી દેવાથી અંતે કશું જ હાથ લાગતું નથી.

આ સત્યને ભારતના લોકોએ અનુભવથી જાણ્યું કર્યું છે. ભારતના લોકોએ આત્માની શોધ જ નથી કરી પણ તેનો સાક્ષાત્કાર પણ કર્યો છે. એણે પોતાને ઓળખી, પોતાની શક્તિઓને પણ પીછાણી. તેઓ ઈચ્છે તો બીજા લોકોનું પણ સર્જન કરી શકતાં એટલાં શક્તિમાન હતાં. ત્યાગ વગર, દુર્ગુણો, તમામ પ્રકારની ઈચ્છા, આકાંક્ષાઓથી મુક્ત થયા વગર એ શક્ય જ નથી. ત્યાગીની સરખામણી વૈભવી જીવન જીવનારા સાથે કરવી યોગ્ય નથી. ભારતના લોકોનો વધુ સંપત્તિ અકત્રિત કરવાનો ઉદ્દેશ ક્યારેય રહ્યો જ નથી. આપણે આપણાં એ માર્ગને ભૂલી ગયાં છીએ અને તેના કારણે આપણે આપણી એ શક્તિઓ, યોગ્યતા પણ ગુમાવી છે અને એ બાદ ઊભી થતી વિકૃતીઓની સ્થિતીમાંથી આજે આપણે પસાર થઈ રહ્યાં છીએ. આ અનુભવનો માર્ગ છે. આજે આ કલિયુગમાં પણ કોઈપણ વ્યક્તિ આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. જરુર છે તો આવા લોકોની જે તેમાં માત્ર વિશ્વાસ જ ન ધરાવતાં હોય પણ એને આત્મસાત કરીને લોકોને બતાવી શકે. આ વિદ્યા જો પશ્ચિમના લોકોના હાથમાં આવી ગઈ તો ભારતના લોકોને પાછળથી ઘણો જ પછતાવાનો વારો આવવાનો છે.

ભારતમાં ગરીબી છે તે પહેલા નહોતી, ત્યારે તો વિશ્વમાં ભારતની ગણના સોનાની ચીડીયા તરીકે થતી હતી અને એટલે જ વિદેશી લોકો ખેંચાઈને ભારતને લૂંટવા માટે આવ્યાં હતાં. રામાયણ આપણો પ્રાચીન ગ્રંથ છે. તેને વાંચીએ તો તેમાં જે નગર વ્યવસ્થા, આવાસો વગેરેનું વર્ણન મળે છે તે જોતાં આ ક્ષેત્રમાં આપણે કેટલા આગળ નીકળ્યાં હતાં તેનું દર્શન થાય છે. તેને લાખો વર્ષો થઈ ગયાં છે પણ આજે આપણને ખોટો ઈતિહાસ શીખવવામાં આવે છે.

ત્યારે આપણે વિમાનમાં ઊડતાં હતાં. નવ ગ્રહોની શોધ આપણે કરી છે. વારના નામો છે તે આપણે જ રાખ્યાં છે અને વિદેશના દેશોએ માત્ર તેનું ભાષાંતર કરીને અપનાવ્યાં છે. ત્યારે આપણે સમુદ્ર ઉપર પુલ બાંધી શકતાં હતાં તેવી ઈજનેરી કલા હતી. હાલમાં જે અંક પદ્ધતિ છે તે અંકોની શોધ ભારતે કરી છે. ઈંગ્લેન્ડમાં પ્રથમ શાળા બની તેના હજારો વર્ષો પહેલાથી ભારતમાં અનેક ગુરુકૂળો હતાં.

વિશ્વના લોકોએ મોટા મોટા મશીનો તો બનાવ્યાં, તમામ પ્રકારની સુવિધાઓ તો મેળવી પણ એ બધું એમને શાંતિ આપી શકતું નથી. સુખ એ મશીનોમાં નથી પણ મનમાં છે અને મન ઉપર કાબૂ ધરાવનારો વ્યક્તિ જ સાચા અર્થમાં સુખી બની શકે છે. શાંતિની શોધ માટે વિશ્વની નજર હંમેશા ભારત તરફ મંડાઈ છે અને મંડાતી રહેવાની છે. આજે પશ્ચિમના લોકો પણ શાંતિ મેળવવા માટે ભારત આવે છે, માસાહાર, વ્યભિચાર, દારુ વગેરેનો ત્યાગ કરે છે. ભારતની સંસ્કૃતિના હાર્દને એ લોકો સમજતાં થયાં છે.

વિશ્વમાં જ્યારે જ્યારે પણ અશાંતિ, અધર્મ પ્રસર્યા છે ત્યારે ત્યારે ભારતના ભવ્ય ભાલમાંથી એક કિરણ આ ધરતી પર અવતર્યું છે અને તેણે માત્ર ભારત જ નહીં પણ વિશ્વના લોકોને સાચો માર્ગ બતાવીને તેનું માર્ગદર્શન કર્યું છે. પશ્ચિમ કે અરબી દેશોમાં ઈશુ, મુહમ્મદ પયગંબર જેવા મહા પુરુષો થયાં છે જેનો પ્રભાવ આજે પણ છે. જ્યારે ભારતમાં તો આવા અગણિત અવતારો થયાં છે અને ભવિષ્યમાં પણ ભારતમાં જન્મેલા મહાન લોકો આખા વિશ્વને શાંતિનો સંદેશ આપશે. સ્વામી વિવેકાનંદનું માનીએ તો પુનઃ એક વખત ભારતનો સૂવર્ણકાળ આવશે.

ભારતનું ભાવિ ઘણું જ ઉજ્જવળ છે. ભારતને ઉદ્ધાર માટે ઈશ્વરી શક્તિ આજે કામ કરી રહી છે.

સંસ્કૃતિ


# ખાતમુહૂર્ત વિધિનો મર્મ અને વિધિવિધાનનું વ્યવહારીક રહસ્ય

## એ વિધિ જો ના હોત તો કદાચ આપણી સંસ્કૃતિનું નામ-નિશાન ભૂસાઈ ગયું હોત. આવી વિધિ આપણી સંસ્કૃતિનું દિગ્દર્શન કરાવે છે

(આપણી ભારતીય સંસ્કૃતિમાં જે વિધિવિધાનો રહેલા છે તેને આજકાલનો ભણેલો ગણેલો સમાજ અવગણે છે. પણ આ વિધિવિધાનો હંબગ નથી. આપણે જમીન ઉપર સવારે ઊઠીને પગ મૂકીએ તો પણ પૃથ્વીમાતાની ક્ષમા યાચના કરીએ છીએ. આપણું પોષણ કરનારી આ ધરતી, નદીઓને પણ આપણે મા તરીકે પૂજીએ છીએ જેમાં અત્યંત ઉમદા ભાવના રહેલી છે. આ વિધાનો પૈકી ખાતમૂહુર્ત વિધિનો મર્મ સમજાવતો ગુજરાતના જાણીતા સંત પૂજ્ય શ્રીમોટાનો લેખ અત્રે તેમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.-સંપાદક) -પૂ. શ્રી મોટા

તા.૧૩/૭/૧૯૭૩માં વડોદરામાં નિયોનર ડિવિઝનના ખાતમુહૂર્ત પ્રસંગે પૂજ્ય શ્રીમોટાનું વક્તવ્યઃ-

''ખાતમુહૂર્તવિધિ એક એવું કામ છે કે તેની ઉપરથી આપણી સંસ્કૃતિ કેટલી ઊંચી છે, આપણા સંસ્કારો કેટલા ઊંચા છે એનું ભાન થાય છે. આપણે ભૂલેચૂકે કોઈને અથડાઈ જઈએ છીએ તો 'સોરી' કહીએ છીએ. એ તો ચીલાચાલુ રિવાજ છે. ખરેખર તો એ બોલતી વખતે આપણા મનમાં એ પ્રકારની લાગણી થવી જોઈએ. મતલબ કે આપણે કંઈ પણ કશામાં પણ અડચણકર્તા થઈ પડીએ ત્યારે એવી લાગણી થાય છે એમ આપણા સંસ્કૃતિકારો સમજેલાં. આ પૃથ્વીને ''પાદ સ્પર્શ ક્ષમસ્વમે'-હે ધરતી માતા ! અમે તને પગ અડાડીએ છીએ તોય તું અમને નડતી નથી. એવી હે મા ! તને તળે ઉપર કરીએ છીએ.'



ખાતમુહૂર્તની આ વિધિ એ ધરતીમાતાને કરેલી એક જાતની પ્રાર્થના છે. આજના કાળમાં એનું મહત્વ બરાબર નહિ સમજાય. કેમ કે આજકાલ આપણાં સમાજમાંથી સંસ્કૃતિ-સંસ્કારશીલતા ઘટતી જાય છે. સંસ્કૃતિનું નામ-નિશાન જતું હોય એવો કાળ આવે છે. એવું પણ ખરું કે જર્જરીત જબરદસ્ત મકાન તોડી જ પાડવું પડે, તેને તોડીને મકાન નવું બનાવવું પડે છે. એવી તો આપણા હાલના સમાજની સંસ્કૃતિ જર્જરીત થયેલી છે, તે તૂટી-ફૂટીને સર્વ પ્રકારે નાશ થશે. તેમાંથી પાછી નવી સંસ્કૃતિ જન્મશે. આપણી સંસ્કૃતિના કેવા ઉત્તમ પ્રકારના સંસ્કાર હતા-સંસ્કારશીલતા હતી તેનો કંઈ ખ્યાલ આવે માટે વિધિ કરી છે.

એ વિધિ જો ના હોત તો કદાચ આપણી સંસ્કૃતિનું નામ-નિશાન ભૂસાઈ ગયું હોત. આવી વિધિ આપણી સંસ્કૃતિનું દિગ્દર્શન કરાવે છે. ત્યારે મારે તમને બધાને તસ્દી આપવી પડે છે.

આ સાત ધાન છે તે દરેક જણે લઈ આમાં નાખવાના. અને પછી ધાતુઓ છે તે પણ ધાન છે. આ બધુ અગડમ-બગડમ છે એમ ભણેલા લોકોને થાય. પણ બધુ હેતુપૂર્વકનું છે. (આ ધાન અને ધાતુઓ ધરતીમાતા જ આપણને આપે છે, તેનું આપેલું તેને અર્પણ કરીએ તેવી ઉત્તમ ભાવના આ વિધિમાં છે, તમામ વિધિઓમાં આવી જ ઉચ્ચ ભાવનાઓ છે.-સં.) આ બધુ કરીને તમારે મેળવવાનું છે. આ અમસ્તુ નથી. પણ કોઈ રહસ્ય સમજતા નથી, એટલે મગજમાં એમને કંઈ ઊતરે નહિ! આ ખાતમુહૂર્ત વિધિમાં આ બધુ ધાન ભૂમિમાં મૂકો છો. સાત ધાતુઓ, પૈસો પણ અંદર મૂકવાનો હોય છે, અને પાંચ ધાતુઓ, પાંચ રત્નો એ બધું-આ બધું તમારે કમાવાનું

તેનું જ્ઞાન પ્રગટે, હેતુ સમજાય, તે વિધિ પછળનો હેતુ છે. એટલે તમે બધા ભાઇઓ એક પછી એક આવીને તમારાથી તે વખતે પ્રાર્થના થાય તો કરજો, ના થાય તો એમને એમ મૂકી દેજો. એટલી તમને બધાને મારી વિનંતી અને પ્રાર્થના છે. હવે આ બધું કરતા પહેલાં આ પ્રાર્થના બોલી જઇએ. ખાતમુહૂર્તની પ્રાર્થના છે.

(પછી પૂજ્યશ્રી મોટાએ પોતે ગુજરાતીમાં રચેલી પ્રાર્થના તેઓ બોલાવે છે.-સં.)

આપણી વિધિઓમાં મોટામાં મોટું લક્ષણ ભાગ્યે કોઇને ખ્યાલમાં હશે. દરેક વિધિમાં સૌ પહેલા ગણપતિની સ્થાપના કરાય છે. આમાં પણ ગણપતિ-ગણપતિની પ્રાર્થના પહેલી. તે વિના ચાલે જ નહિ, પણ તેનું રહસ્ય બ્રાહ્મણો કેટલા સમજતા હશે ને બધા કેટલું સમજતા હોઇશું તે રામ જાણે ! પણ મને સમજણ છે, અને તે હેતુથી હું આ વિધિ કરું છું. તે તમને સમજાવું ખરો, તમને તે 'રેશનલ' અને બુધ્ધિથી સ્વીકારવા જેવું લાગે તો સ્વીકારજો નહિતર હરિ હરિ! 'ગણ'ના ઘણા અર્થ થાય છે. ગણનો એક અર્થ ઇન્દ્રિઓ થાય છે. જ્યારે કોઇ એક કર્મ લઈને આપણે બેસીએ તે ઇન્દ્રિઓ સાબુત નહિ હોય, મજબુત નહિ હોય, નિશ્ચળ નહિ હોય તો આપણે કોઇ કર્મ યથાયોગ્યપણે નહિ કરી શકીએ. માટે તેનું ભાન પ્રેરવા માટે કે ''તારે આ કર્મ કરવું છે તો ઇન્દ્રિયોના સ્વામી થઈ જવું પડશે ! ગણપતિ તમારે થવું પડશે. તમારા કહેવાથી ઇન્દ્રિયો તમારા તાબામાં કંઇ આવવાની નથી. એ તો સ્વચ્છંદપણે-એની મરજીમાં આવે તેમ વર્તવાની. એનો આકાર કોઇ એક પ્રકારનો નથી. આપણી ઇન્દ્રિયોને ગમે તે પ્રકારનો આકાર છે. ગણપતિનો આકાર એવી જાતનો છે. એટલે દરેક વિધિમાં ગણપતિની સ્થાપના પહેલી, કે તમારે તમારી ઇન્દ્રિયોને મજબૂત રાખવી પડશે. લગ્ન વખતે પણ ગણપતિની વિધિ પહેલા, કેમ કે લગ્નમાં અનેક પ્રકારના લોકો ભેગા થવાના. તમારા સ્વભાવને તમે સાચવજો. તમારી ઇન્દ્રિયોને તમે વશમાં રાખજો. તમે તતડી ઊઠશો કે ગુસ્સે થઇ જશો તો નહિ ચાલે. જ્યારે મોટા કામ લઈને બેસો છો ત્યારે ઇન્દ્રિયો વડે કામ લઈ શકાય. મન, બુધ્ધિ, પ્રાણ ને અહમ તો ખરા, પણ તે વખતે ઇન્દ્રિયો પણ સાથે જ હોય છે. ત્યારે એ બધાના આપણે સ્વામી થવું પડશે. એટલા માટે આ ગણપતિની વિધિ છે.

આ ભૂમિમાતા- આ ભૂમિને આપણે લોકોએ મા ×ણી છે. આપણે ભૂમિમાતાને સ્વર્ગથી પણ વધારે ગણી છે. પણ હું તો જે માએ આપણને જન્મ આપ્યો તેના કરતા પણ આ ભૂમિમાતાને વધારે ગણું છું; કેમ કે મા તો બે-ત્રણ વર્ષ ધવડાવ્યા પછી ખલાસ. પણ આ મા હંમેશ માટે તમારા જીવનની પ્રત્યેક જરૂરીયાત પૂરી પાડે છે. તમે વિચારી જુઓ. એક એક વસ્તુ જમીનમાંથી મળે છે. ખાવાની વસ્તુ તો ખરી, કપડા-લત્તા, ધનદોલત, માલમિલ્કત બધું ભૂમિમાંથી મળે છે. એક પણ વસ્તુ એવી નથી જે ભૂમિમાંથી ન મળતી હોય ! પણ તેના લાભ અને ગેરલાભ બન્ને છે. આપણે સમાજમાં જીવવા માટે કોલસો, ધાતુઓ, પેટ્રોલ ને કેટલું બધું કાઢકાઢ કરીએ છીએ. એના પરિણામ ભોગવવા તત્પર રહેવું પડશે. સમતુલા-જે બેલેન્સ છે-એ આપણે ખોઇ બેસીએ છીએ. આપણે તૈયારી રાખવી પડશે કે આ બધું ખોદતા જઇએ છીએ ખરા, પણ આ ધરતીમાતાની જે સમતુલા છે, બેલેન્સ છે તે આપણે ગુમાવતા જઇએ છીએ. એ કોઇના ખ્યાલમાં નથી આવતું-ભણેલામાંય નથી આવતું-ભણેલા હોવા છતાં. પહેલા ખ્યાલમાં આવવુ જોઇએ. પણ એ આવતુ નથી. ઉલ્કાપાતની તૈયારી આપણે રાખવાની. સંસ્કૃતિમાં પહેલેથી આપણે જે કંઇ કર્મ કરીએ, તેમાં ધરતીમાતાને પ્રાર્થના કરીએ છીએ કે,'મા, અમને તું ક્ષમા કરજે. અમે આ કરીએ છીએ તે અમારા સ્વાર્થને માટે છે. અમારાથી કર્યા વિના ચાલે એવું નથી. અમારા ગુણ ને અહમ માટે પણ,' ક્ષમાની ભાવના પહેલેથી માગી લે છે. પણ અત્યારે એ ભાવના ચાલી ગઈ છે. એ ભાવના કેટલુ કામ કરે છે, એ તો સાયકોલોજીનો વિષય છે. પણ આજની સાયકોલોજીને આ ભાવના ગમતી નથી. એ ભાવના માત્રને ઊડાડી મૂકે છે. આમ છતાં આમાં ભાવના પણ કામ કરે છે. એટલે આજે આ કામ કરાવવાનું આવ્યું છે, ત્યારે આપણે ભૂમિમાતાને પ્રાર્થના કરીએ કે, 'તુ અમને ક્ષમા કરજે, તારા પર અમે અનેક પ્રકારના ભાર લાદીએ છીએ.'

> માનવજાતનું ધ્યેય જ્ઞાન મેળવવાનું છે. પૂર્વની ફિલસૂફીએ આ એક આદર્શ આપણી સમક્ષ મૂકેલો છે. માનવજાતનું ધ્યેય મોજમજામાં નથી પણ જ્ઞાન છે. મોજમજા અને સુખ નાશવંત છે. મોજમજા એ ધ્યેય છે એમ માનવું ભૂલ ભરેલું છે. માણસ મૂર્ખાઈથી માની બેસે છે કે મોજમજા એ જ જીવનનું ધ્યેય છે, તેને લીધે જ દરેક પ્રકારનું દુઃખ જગતમાં ઉત્પન્ન થાય છે.
>
> -સ્વામિ વિવેકાનંદ

રામાયણકાળ

# લાખો વર્ષ પહેલા આધુનિક સુવિધાસજ્જ ભારત

## નગરનિયોજન સાથેના શહેરો, રત્નોથી સુશોભિત મહેલો અને શીલવાળા લોકો હતાં: ઈજનેરી કળામાં કુશળ લોકો સમુદ્ર પર પૂલ બનાવતાં, કુબેર વિમાનમાં ઊડતાં!

પ્યારા ભારત!
સત્ય, શિવ ને સુંદરની સાધના સારું તે જન્મ ધારણ કર્યો છે અને તારા શૈશવકાળથી જ આત્માની અમરતાનું જયગાન ગાયું છે.

વસુધાને કુટુંબવત જ નહીં કિન્તુ જડ ને ચેતનને,
અરે, પૃથ્વીના પ્રત્યેક પરમાણુને પ્રેમ કરવાનો પાઠ તે પૂરો પાડ્યો છે,
અને અવનીની આંતરીક એકતાની આરતી ઊતારી છે.

તારા ખોળે માનવે સૌથી પહેલા જન્મ ને મરણના રહસ્યની શોધ કરી,
અંતરના અંતરતમમાં ડૂબકી લગાવી,
ને પૃથ્વી પારના પ્રદેશોનો પાર પામવાના પ્રયાસો પણ
સૌથી પહેલા તારા જ પુત્રોએ કરી જોયાં.

તે વિશ્વને ઉદારતા, સમભાવ, સહાનુભૂતિ, સંપ ને શાંતિના સંદેશ આપ્યાં,
પુરુષને પુરુષોત્તમમાં પલટાવવાની સાધના શીખવી.
સૌના સુખ, સૌની શાંતિ, સૌની સમૃદ્ધિનો સૂર સંસ્કૃતિના ઉષ:કાળમાં જ છેડ્યો
તારા શાસ્ત્રો ને તારા સંતોએ સૃષ્ટિને સુધાસિંચન કરીને ચકિત કરી.

બહારથી આવનારને તે હંમેશા અતિથિ માનીને આદર આપ્યો
અને આજે પણ...દુનિયામાં તું જ એવો છે
જેની પ્રજા પરદેશને પચાવી પાડવા કે પારકી પ્રજાને પદદલિત કરવા
પોતાની સીમા છોડીને બહાર નથી ગઈ.

પછી તારા પ્રત્યે મને પ્રેમ કેમ ના હોય?
તારા પ્રત્યે સર્વસમર્પણ કરવાની ભાવના કેમ ના હોય?

તું અમર રહે અને અવનીને અમર જીવનનો મંત્ર દે, પ્યારા ભારત!
મહીમંડળના મંગલ માટે તારું જીવવું ને સુસમૃદ્ધ થવું જરુરી છે.

-શ્રી યોગેશ્વરજી

ભારતની સંસ્કૃતિના મૂળ માનવ સભ્યતાના ઉષ:કાળ સાથે જોડાયેલાં છે. વિશ્વમાં અનેક સંસ્કૃતિઓ જન્મી અને નાશ પામી, કાળની ગર્તામાં નામશેષ બની ગઈ પણ આ સંસ્કૃતિ જ એકમાત્ર એવી સંસ્કૃતિ છે જે લાખો વર્ષો પછી પણ હિમાલયના ઉત્તુંગ શિખરોની જેમ વિશ્વમંચે મુકુટ સમી વિરાજી રહી છે. ભારતના લોકોએ માત્ર આંતરીક અન્વેષણ જ કર્યું છે અને બાહ્ય શોધો તેમ જ સુખસમૃદ્ધિ



પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે એવું પણ નથી. ભારતનો માર્ગ હંમેશા સમન્વયનો રહ્યો છે. યુગોથી ભારત દેશ આર્થિક રીતે પણ એટલો જ સમૃદ્ધ હતો અને તકનીકિ ક્ષેત્રે પણ લોકો એટલાં જ આગળ વધેલાં હતાં. દેશમાં હાલમાં જે ગરીબી અને સાંસ્કૃતિક પતનની સ્થિતિ આવી છે તે ૩૦૦ વર્ષો સુધી

દેશને વિદેશી આક્રાંતાઓ દ્વારા લૂંટવાના કારણે આવી છે અને વચગાળાની સ્થિતિ છે.

પ્રાચીન ભારત કેવું હતું એ જાણવા માટે વાલ્મિકી રામાયણમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે ઘણું જ ઉપયોગી થઈ પડે એવું છે. તથાકથિત ઈતિહાસકારો દ્વારા ભારત વિષે એક એવી વાત ફેલાવવામાં આવી રહી છે કે, અહીં



આદિવાસી લોકોનો વસવાટ હતો, એ લોકો અભણ હતાં અને આર્યો તરીકે ઓળખાતી સુશિક્ષિત પ્રજા યુરોપમાંથી ભારતમાં આવી અને તેના દ્વારા આ વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો અને લોકોને સુશિક્ષિત બનાવવાનો પણ એમણે પ્રયત્ન કર્યો. વાસ્તવિકતામાં એવું હોત તો ભારતના ગ્રંથોમાં એ લોકો પોતાના મૂળ વતનનો ઉલ્લેખ અવશ્ય કરતાં પણ એવું નથી. પશ્ચિમના ઈતિહાસકારો ૬૦૦૦ વર્ષ પહેલા પૃથ્વી ઉપર માનવ સભ્યતાની ઉત્પતિ માને છે એટલે તેના દ્વારા લખવામાં આવેલા ઈતિહાસમાં ભારતની સંસ્કૃતિને તેઓ છ હજાર વર્ષથી જૂની વિચારી શકતાં જ નથી. જ્યારે રામના સમયને લાખો વર્ષો વિતી ગયાં છે. આ લાખો વર્ષ પહેલાનું ભારત કેવું હતું? શું ત્યારે અહીં અશિક્ષિત વનવાસીઓ વસવાટ કરતાં હતાં? તેની ચકાસણી માટે વાલ્મિકી રામાયણમાં તે સમયના શહેરો, લોકો અને સભ્યતા વિષે કરવામાં આવેલો ઉલ્લેખ ઘણો જ ઉપયોગી છે.

રામાયણમાં બાલકાંડમાં પાંચમાં અને છઠ્ઠા સર્ગમાં અયોધ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે અને મહાત્મા શ્રી પૂ. યોગેશ્વરજીએ તેના આધારે પોતાના ગ્રંથ શ્રી રામ કથામૃતમાં સુદર વર્ણન કર્યું છે તે જોઈએઃ એ શોભાશાલીની મહાપુરી બાર યોજન લાંબી અને ત્રણ યોજન જેટલી પહોળી હતી. ત્યાં બહારના જનપદોમાં જવાનો વિશાળ માર્ગ હતો. તે બન્ને બાજુએ વિવિધ વૃક્ષાવલીથી સુશોભિત હોવાના કારણે જુદો તરી આવતો હતો. એ પૂરી અનેક મહાદ્વારો તથા દ્વારોથી સુરક્ષિત હતી. સુશોભિત દેખાતી. એની અંદર જુદા જુદા બજારો હતાં.

એમાં અસંખ્ય શસ્ત્રાસ્ત્રોનો સંગ્રહ કરાયેલો. એમાં વિવિધ કલાકારો અને શિલ્પીઓ વાસ કરતાં. એની ચારે તરફ ઊંડી ખાઈ ખોદેલી હતી. એમાં પ્રવેશવાનું અને એને ઓળંગવાનું અતિશય અઘરું મનાતું. એના મહેલોનું નિર્માણ જુદા-જુદા રત્નોથી થયેલું. એમાં રત્નોનો પાર ન હતો. એમાં વસનારા મનુષ્યો પ્રસન્ન, ધર્માત્મા, બહુશ્રુત, નિર્લોભી, સત્યવાદી અને સ્વસંપત્તિથી સંતુષ્ટ મતલબ કે આર્થિક રીતે સદ્ધર હતાં. એ પૂરીમાં ક્યાંય કોઈપણ કામી, કૃપણ, કૃર, મૂર્ખ અને નાસ્તિક નહોતું. સઘળા સ્ત્રીપુરુષો ધર્મપરાયણ, સંયમી, સદાપ્રસન્ન, શીલવાન અને સદાચારી હતાં. એ પરથી જાણી શકાય છે કે ત્યારે ભારતનાં શહેરો કેવા ભૌતિક રીતે સુવિકસિત, સુનગરનિયોજન વ્યવસ્થાસભર શહેરો હતાં અને અહીંની પ્રજા પણ આર્થિક રુપે અતિ સમૃદ્ધ, સુશિક્ષિત અને ચારિત્યની દ્રષ્ટિએ એટલી ઉન્નત હતી કે આજના લોકોએ તેનો ધડો લેજા જેવો છે.

ભારતથી લંકા જવા માટે નલે સેતુબંધની રચના કરી હતી. એ પ્રસંગ વર્ણવે છે કે નલ એક મહાન ઈજનેર હતો. ભારતવાસીઓ ત્યારે ભૌતિક વિકાસના ક્ષેત્રમાં પણ ઘણાં જ આગળ વધેલાં હતાં. એ સમુદ્ર પર સેતુબંધની રચના પણ કરી શકતાં. ભારતના પ્રાચીન લોકોને જંગલી કે આદિવાસી માનતા લોકોએ આ અવશ્ય વાંચવું જોઈએ. એ સમયમાં ભારતમાં કુબેર જેવા ધનાઢ્ય લોકો વિમાનમાં ઊડતાં હતાં.

-યોગેશ કવીશ્વર

ગીતા એકાંત જંગલમાં નહીં પણ યુદ્ધના કોલાહલની વચ્ચે કહેવાઈ છે તેથી તેની કિંમત વધે છે, ને જીવનના કોલાહલની વચ્ચે જીવનારા માણસોને માટે પણ તે ઉપયોગી અને પ્રેરણા દેનારી છે એ સાબિત થાય છે. આ વસ્તુ ઘણી મહત્વની છે. કોઈ કોઈ વાર માણસો મને પ્રશ્નો પૂછે છે કે, સંસારના આટાપાટા, વ્યવહારની વચ્ચે રહીને પ્રભુપ્રાપ્તિ માટેનો પ્રયાસ કરી શકાય ખરો?

-શ્રી યોગેશ્વરજી

# સદગુરુ સ્વીકાર કરે કે ન કરે, આપણે શિષ્ય બન્યાં એટલે પૂરું

## સંસાર વ્યવહારમાં રહીને પણ સદગુરુની પ્રાપ્તિ શક્ય : ગુરુએ પ્રદર્શાવેલા પ્રગતિપથ પર આગળ વધવું એ જ એમની સાચી સેવા : ગુરુ ન મળે તો પણ રાહ જોઈને બેસી ન રહેવું

(આજે ગુરપૂર્ણિમાના પાવન દિવસે શાશ્વત સંદેશની શરુઆત થઈ રહી છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુ અને શિષ્યનું મહત્વ ખૂબ જ છે. આજે ભલે આમસમાજમાં ગુરુશિષ્યનો અર્થ માત્ર શિક્ષક અને વિદ્યાર્થી પૂરતો જ સિમિત બની ગયો હોય પણ સાચી રીતે અધ્યાત્મિક સદગુરુ શિષ્યના જીવનના તમામ પાસાઓમાં ભાગ ભજવતો હોય છે. ક્યારેક ગુરુ શિષ્યનો સ્વીકાર પણ ન કરે તેમ છતાં શિષ્યની પ્રગતિ તેમને ગુર પ્રત્યેની શ્રદ્ધાના કારણે જ થતી રહેતી હોય છે. આવા ગુરુ મેળવવા માટે દરેકે સંસારનો ત્યાગ કરીને ભગવા પહેરી લેવાની જરુર નથી પણ આ સંસાર વ્યવહારમાં રહીને પણ આવા સદગુરુની પ્રાપ્તિ કરી શકાય છે. જો સાચા સદગુરુ મળી જાય, તેનો સાચા દિલથી સ્વીકાર કરી લેવામાં આવે તો અસાધારણ કાર્યો કરી શકાય છે. આ અંગે પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું છે જે સૌને પ્રેરણા પૂરી પડશે તેવી ભાવના સાથે અત્રે પ્રસ્તુત છે. -સંપાદક)

-શ્રી યોગેશ્વરજી

પ્રશ્નઃમારે આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે કોઈ ગુરુની આવશ્યક્તા ખરી?

ઉત્તરઃ આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે તમારે કોઈ ગુરુની આવશ્યક્તા છે કે નથી તેનો નિર્ણય મારે નહીં પણ તમારે જ કરવાનો છે. એ નિર્ણય કરવામાં હું મારી રીતે મદદરુપ થઈ શકું. પરંતુ છેવટના નિર્ણય તમારે જ કરવાના છે. કોઈ કોઈને માટે એ સંબંધે અંતિમ નિર્ણય ના કરી શકે. કરે તો પણ દીર્ઘપર્યંત કે છેવટ સુધી ચાલે નહીં.

પ્રશ્નઃ ગુરુ વિના આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધી જ ના શકાય એ સાચું છે?


ઉત્તરઃ મને પોતાને એવું લાગતું નથી.

પ્રશ્નઃકેમ?

ઉત્તરઃઆધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે ગુરુ અનિવાર્યરુપેણ આવશ્યક નથી. અને હોય તો પણ જીવનવિકાસના એવા કેટલાયે નિયમો, તપો તથા વ્રતો છે જેમનું પરિપાલન અથવા અનુષ્ઠાન ગુરુની રાહ જોયા સિવાય પોતાની મેળે જ કરી શકાય.

પ્રશ્નઃદાખલા તરીકે?

ઉત્તરઃદાખલા તરીકે રોજ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પરમાત્માની પ્રાર્થના કરવા માટે અને સ્નાનાદિથી નિવૃત્ત થઈને સદગ્રંથોના સ્વાધ્યાયનો ને નામજપ સાથેના કે નામજપ સિવાયના ધ્યાનનો આધાર લેવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે એવું થોડું છે? પોતાના જીવનનું આત્મનિરીક્ષણ કરવા, પોતાની ત્રુટીઓને તપાસવા તથા તેમાંથી મુક્તિ મેળવવા માટે



ગુરુની પ્રતિક્ષા કરીને અનિશ્ચિત કાળપર્યંત બેસી રહેવું પરવડે તેમ છે? વ્યસનોના શિકાર ના બનવું હોય ને વ્યસનોમાંથી મુક્તિ મેળવવી હોય તો ગુરુની ઉપસ્થિતિ અનિવાર્ય છે? રાત્રે સૂતા પહેલા પ્રાર્થના કરવી હોય ને વિતેલા વખતનું નિરીક્ષણ કરીને નૂતન સંકલ્પો કરવા હોય તો ગુરુ સિવાય કરી શકાય જ નહીં? એ સૌને માટે ગુરુની પ્રતીક્ષા કરીને બેસી રહેવું જોઈએ? જીવનવિકાસને માટેની એવી બધીને

બીજી ઉપયોગી વાતોનો અમલ પોતાની મેળે પણ કરી શકાય છે. જ્યારે કોઈક બહારના સ્થૂળ માનવ ગુરુની આવશ્યક્તા હશે ત્યારે આપણી યોગ્યતાનો કે પાત્રતાનો વિચાર કરીને ઈશ્વર જ એમને મોકલી આપશે.

પ્રશ્નઃ આવા સદ્‌ગુરુની પ્રાપ્તિ વ્યવહારમાં રહીને કરી શકાય?

ઉત્તરઃ શા માટે ના કરી શકાય? સદ્‌ગુરુની પ્રાપ્તિના પવિત્ર કાર્યમાં વ્યવહાર વચ્ચે આવતો નથી કે બાધક બનતો નથી. સદ્‌ગુરુની સંપ્રાપ્તિ માટે જેનું મુખ્ય મહત્વ છે તેતો માનવનું મન છે. મનમાં એમને મેળવવા માટેના મનોરથ જાગતા અને આતુરતા વધતાં જ્યાં પણ હોઈએ ત્યાં એમના દર્શન, સમાગમ, અનુગ્રહનો દેવદુર્લભ લાભ મળી શકે છે.

પ્રશ્નઃ સદ્‌ગુરુની સેવા કેવી રીતે કરવી?

ઉત્તરઃ એમની આવશ્યક્તા અથવા અભિરુચિને અનુસરીને. એ સેવાના સ્વરુપો જુદાં જુદાં હોઈ શકે, એમની મહત્વની સેવા એમના પ્રદર્શાવેલા પ્રગતિપથ પર પ્રયાણ કરવામાં અને જીવનનું આધ્યાત્મિક કલ્યાણ કરવામાં રહેલી છે. એમની સેવા પરમ અને અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને, સર્વ×કારની શંકા-કુશંકામાંથી કાયમ માટે મુક્તિ મેળવીને કરવી જોઈએ. એમનામાં દોષદર્શન કરનાર કદી પણ એમની સાચી સેવા નથી કરી શકતો અને એમનો પૂરેપૂરો લાભ પણ નથી પામી શકતો. દોષદર્શન કરવું જ હોય તો પોતાનું દોષદર્શન જીવનવિકાસના સાધકને માટે ખૂબ ખૂબ મદદરુપ બની શકે. અન્યના અને તેમાંય સદ્‌ગુરુના દોષદર્શનથી કોઈ ઉપયોગી હેતુ નહીં સરે. સદ્‌ગુરુને સાચી રીતે એમના વાસ્તવિક સ્વરુપમાં ઓળખવાનું કામ અતિશય અઘરું છે. એ માટે એમની અહૈતુકી અનંતકૃપા જોઈએ. એમને ઓળખવાની યોગ્યતા સિવાય એમના માટે ગેરસમજ થવાનો અને અનુચિત ભળતા અભિપ્રાયો આપવા-અપાવવાનો સંભવ રહે છે.

પ્રશ્નઃ આપણે કોઈને અંતરના ઊંડાણથી ગુરુ માનતા હોઈએ પણ ગુરુદેવ આપણો સ્વીકાર ના કરતા હોય તો?

ઉત્તરઃ તો શું થયું? એથી કોઈ પ્રકારની ચિંતા નથી કરવાની. ગુરુદેવ આપણો સ્વીકાર કરે છે કે નથી કરતાં એ એટલું અગત્યનું નથી. સૌથી અગત્યની વાત તો આપણે પોતે ગુરુદેવનો સ્વીકાર કરીએ છીએ કે નહીં તે છે. ગુરુ કોઈ ઈષ્ટ અથવા અદૃષ્ટ કારણે આપણો સ્વીકાર કરે કે ના કરે તો પણ આપણે એમનો સ્વીકાર કરીએ એટલે થયું. આપણું કાર્ય પૂરું થાય છે. આપણને સદ્‌ગુરુમાં સાચી શ્રદ્ધા હોય એટલે આપણો અંતરંગ વિકાસ સહેલાઈથી થવા માંડે છે. ગુરુ એક અથવા બીજી રીતે આપણને મદદરુપ થાય છે. ગુરુ તૈયાર નથી હોતા તો પણ પરમાત્માની પરમ પ્રબળ સનાતની શક્તિ એમના માધ્યમ દ્વારા કે અન્ય રીતે આપણી આકાંક્ષાને સંતોષીને આપણને આગળ વધારે છે. ગુરુ દ્રોણાચાર્યએ એકલવ્યનો શિષ્ય તરીકે સ્વીકાર ના કર્યો પરંતુ એકલવ્યે એમને સદ્‌ગુરુ તરીકે સ્વીકારી લીધાં. એમની માટીની મૂર્તિ બનાવીને શ્રદ્ધાભક્તિપૂર્વકના પ્રયોગો પ્રારંભ્યા. તો પરિણામે એ પરમ ધનુર્વિદ, અસ્ત્રશસ્ત્રવિશારદ બની ગયો. સંતકબીરે રામાનંદની અનિચ્છા હોવા છતાં એમનામાં ગુરુભાવ રાખ્યો. અખાએ કાશીના પ્રજ્ઞાચક્ષુ સ્વામીને સાચા દિલથી સદ્‌ગુરુ તરીકે, પોતાને અપનાવવામાં ના આવવા છતાં પણ સ્વીકારી લીધાં. તો એનું પરિણામ કેટલું બધું આશ્ચર્યકારક અને ચમત્કારીક આવ્યું! એવી રીતે આપણે પણ સદ્‌ગુરુ પ્રત્યેની શ્રદ્ધાથી પ્રેરાઈને અસાધારણ પ્રગતિ કરી શકીએ. શરત એ જ છે કે આપણે સદ્‌ગુરુને સંપૂર્ણપણે સ્વીકારી લેવા જોઈએ. એના સિવાય બીજું કશું જ ના બની શકે.

પ્રશ્નઃ તમે કોઈના ગુરુ બનો ખરા?

ઉત્તરઃ મારે કોઈના ગુરુ બનવાનું રહેતું જ નથી. જેણે બનવું હોય તેણે શિષ્ય બનવાનું જ રહે છે. આગળનું કાર્ય આપોઆપ થઈ રહે છે. કોઈ કોઈનો સાચો શિષ્ય બની શકે તો એનો બેડો પાર થઈ જાય. સવાલ કોઈએ ગુરુ થવાનો નથી સ્વયં શિષ્ય બનવાનો છે.

યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના,
સાથી બનજો યોગેશ્વર પરમાત્મા.
સર્વ દેવદેવી અનુકૂળતા આપજો,
યોગેશ્વર પ્રભુ સઘળા સંકટ કાપજો.
જીવનની મંગલયાત્રામાં પધારજો,
સુખ, શાંતિ, સંતોષની મૂડી વધારજો.
નિંદ્રા, આળસ, ક્રોધ ને થાક હઠાવજો,
સંસારી બંધનને સહેજે ભૂલાવજો.
ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો,
ઉદારતા વળી પવિત્રતાને વધારજો.
પરમાનંદે સૌને મગ્ન બનાવજો,
સૌને આપના શ્રી ચરણમાં રાખજો.
હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,
જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો,
સર્વેશ્વરીની વીનંતી પ્રેમે સ્વીકારજો,
જીવનયાત્રા સૌની સફળ બનાવજો.
-મા સર્વેશ્વરી

# જો ના ખૌલા, ખૂન નહીં પાની હૈ, દેશ કે કામ ના આયે વો બેકાર જવાની હૈ...

## જરુર છે એવા સેંકડો યુવાનોની જે દેશ માટે આજીવન અવિવાહીત રહીને જીવન સમર્પિત કરી શકે

## આ દેશ માટે એવા યુવાનો જોઈએ જે સત્ય, સંયમના માર્ગ પર ચાલે અને લોકોને એ માર્ગે કઈ રીતે ચાલવું તે પ્રત્યક્ષ જીવન દ્વારા બતાવી શકે

ભારતમાં છ દાયક પહેલા એક એવો કાળ આવ્યો કે જ્યારે દેશમાં જ્યાં જૂઓ ત્યાં દેશભક્તિનો માહોલ હતો, હજારો લોકોએ દેશ માટે સર્વસ્વનો ત્યાગ કર્યો અને એવો લોકજુવાળ ઊભો થયો કે ૨૦૦ વર્ષથી દમન કરનારા વિદેશી આક્રાંતાઓને ભારત છોડીને જવા માટે મજબૂર થવું પડ્યું હતું. તે પછી એક એવો સમય પણ આવ્યો કે ધીરે ધીરે દેશના લોકો પુનઃ ઘોર તંદ્રામાં જીવવા લાગ્યા અથવા તો પહેલા જે દેશભક્તિનો સાર્વત્રિક માહોલ હતો તે ઓસરી ગયો. વર્ષો બાદ દેશમાં આજે ફરી એક વખત દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો દેશ માટે વિચારતા થયાં છે.

દેશમાં હાલ જે પરિસ્થિતિ છે તે જોતા હજુ ઘણું કરવાનું બાકી છે. આ માટે આજીવન અવિવાહીત રહીને માત્ર દેશને જ સમર્પિત જીવન જીવે તેવા સેંકડો યુવાનોની આવશ્યકતા છે. આ યુવાનોએ ઘર છોડીને બહાર નીકળવું પડશે અને દેશસેવા માટે જ સમર્પિત થવું પડશે. ભારતમાં જ્યારે જ્યારે પણ તમસ વધ્યું છે ત્યારે-ત્યારે ભારતના ભવ્ય ભાલમાંથી એક કિરણ છૂટ્યું છે અને તેણે સમાજને યોગ્ય રાહ ચીંધ્યો છે. સમય સમય પર ઈશ્વર સમાન પુરુષો અને જગદંબા સમી સ્ત્રીઓ આ દેશની ધરતી પર અવતરી છે. સંતોની પરંપરાએ યુગોથી આપણી સંસ્કૃતિને ટકાવી રાખી છે. તો પણ આ સમાજમાં ફરીથી ઘોર તમસ પ્રસરેલું દેખાય છે અને એ હટાવવા માટે આ દેશના યુવાનો મેદાનમાં આવે તે ખૂબ જ જરુરી છે. આજે દેશ અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે. જો દેશનું ઉત્થાન કરવું હશે તો પ્રજાને ચારિત્ર્યવાન બનાવવી પડશે. લોકો જ્યારે નૈતિક રીતે શક્તિશાળી બનશે ત્યારે દેશ ફરીથી



પોતાનું સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે. આ માટે એવા યુવાનો જોઈએ જે સત્યના માર્ગ પર ચાલે અને લોકોને એ માર્ગે કઈ રીતે ચાલવું તે પ્રત્યક્ષ જીવન દ્વારા બતાવી શકે. આપણે ભોગ વિલાસ અને વિષયવાસનામાંથી બહાર આવી બ્રહ્મચર્યનું પાલન કરે, પોતે સંપત્તિ એકઠી કરવા પાછળ લાગવાના બદલે દેશને બેઠો કરવાના કામમાં જ જોડાય, સત્યનું પાલન કરે, શારીરીક કસરતો દ્વારા પોતાના શરીરને સુદ્રઢ કરે, યોગ દ્વારા માનસિક અને દૈવી શક્તિઓ પ્રાપ્ત કરે, લોકોને નૈતિક રીતે ઊંચા લાવવાના કામમાં લાગી જાય અને દેશની સંસ્કૃતિનુ પુનઃ ઉત્થાન કરે તેવા યુવાનોની જરુર છે.

જો આ દેશને બેઠો કરવો હશે તો સ્ત્રીઓને શિક્ષિત, શારીરીક રીતે સબળ અને ઉમદા સંસ્કારોથી સબળ બનાવવી પડશે. સ્ત્રી એ મા છે અને તેના દ્વારા જ બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય છે. જીજાબાઈ જેવી માતા ન હોત તો શિવાજી પણ ન હોત. સ્ત્રીઓ આજે નાનપણથી પોતાના બાળકને ફિલ્મના હીરોનું શિક્ષણ આપે છે તેના બદલે રામ અને તેના જીવનનું જ્ઞાન આપતી થશે, પોતે નાનપણથી જ શારીરીક

રીતે સુદ્રઢ થશે અને અન્યાયો તથા અત્યાચારીઓનો સામનો કરશે તથા પોતાના સંતાનોને પણ એવા બનાવશે, પોતાના બાળકોમાં દેશભક્તિના રંગો ભરશે ત્યારે આ સમાજનું ઉત્થાન અવશ્ય થશે જ. એ કોઈ રોકી શકવાનું નથી. આ માટે સ્ત્રીઓ ભાવનાથી ઊંચે આવે તેવું કરવાની જરુર છે.

આજના યુવાનો યુવાનીમાં વાસના, વ્યસનો, વ્યભિચાર, ભ્રષ્ટાચારના દલદલમાં ફસાઈ રહ્યાં છે. બાળકોને સલમાન ખાન કોણ છે એ ખબર હોય છે પણ રામ, કૃષ્ણ, બુદ્ધ વિષેની માહિતી હોતી નથી. ઘણાં બાળકો પોતાની માતૃભાષા પણ જાણતા નથી.

ભાષા પ્રત્યે પ્રેમ નથી. આ પરિસ્થિતિ બદલવી પડશે. દેશમાં ગરીબી અને તેના કારણે ઊભી થતી સમસ્યાઓની ભરમાર છે તેમાંથી દેશને બેઠો કરવો પડશે. આપણા અમૂલ્ય ગ્રંથોનો જુદી-જુદી ભાષાઓમાં અનુવાદ કરીને તેના સંસ્કારો લોકોમાં સિંચવા પડશે. વૈજ્ઞાનિક શોધોમાં દેશ પાછળ ન રહે એ માટે આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું પડશે. આ માટે ચીલાચાલુ કાર્યોથી ઉપર ઊઠીને નવી-નવી યુક્તિઓ ખોજવી પડશે. જો આ ઉદેશ સાથે યુવાનો સમર્પિત થઈને કાર્ય કરે તો થોડા જ વર્ષોમાં તેનું પરિણામ અવશ્ય જોઈ શકાશે.

- યોગેશ કવીશ્વર

## આવી રહેલા આ વર્ષના આગામી તહેવારો

| દિનાંક | વાર | તહેવાર |
|---|---|---|
| ૩/૭/૨૦૨૦ | શુક્રવાર | જયાપાર્વતી વ્રત પ્રારંભ |
| ૭/૭/૨૦૨૦ | મંગળવાર | જયાપાર્વતી વ્રત જાગરણ |
| ૨૦/૭/૨૦૨૦ | સોમવાર | સોમવતી અમાસ |
| ૨૧/૭/૨૦૨૦ | મંગળવાર | શિવપૂજન શરૂ - શ્રાવણ માસ |
| ૩/૮/૨૦૨૦ | સોમવાર | પૂનમ - રક્ષાબંધન |
| ૮/૮/૨૦૨૦ | શનિવાર | નાગ પંચમી |
| ૧૨/૮/૨૦૨૦ | બુધવાર | શ્રીકૃષ્ણ જન્મોત્સવ, આઠમ |
| ૨૧/૮/૨૦૨૦ | શુક્રવાર | કેવડા - ત્રીજ |
| ૨૨/૮/૨૦૨૦ | શનીવાર | ગણેશ ચતુથી |
| ૧/૯/૨૦૨૦ | મંગળવાર | અનંત ચૈદશ |
| ૨/૯/૨૦૨૦ | બુધવાર | શ્રાદ્ધ પારંભ |
| ૧૮/૯/૨૦૨૦ | શુક્રવાર | અધિક માસ શરૂ |
| ૧૬/૧૦/૨૦૨૦ | શુક્રવાર | અધિક માસ સમાપ્ત - અમાસ |
| ૧૭/૧૦/૨૦૨૦ | શનિવાર | નવરાત્રી શરૂ આસો સુદ - ૧ |
| ૨૬/૧૦/૨૦૨૦ | સોમવાર | વિજયા દશમી - દશેરા |
| ૩૧/૧૦/૨૦ન | શનિવાર | શરદપૂનમ ચંડીપડવો |
| ૧૧/૧૧/૨૦૨૦ | બુધવાર | એકાદશી |
| ૧૨/૧૧/૨૦૨૦ | ગુરૂવાર | વાધબારસ |
| ૧૩/૧૧/૨૦૨૦ | શુક્રવાર | ધનતેરસ |
| ૧૪/૧૧/૨૦૨૦ | શનિવાર | કાળી ચૌદશ |
| ૧૫/૧૧/૨૦૨૦ | રવિવાર | દિવાળી |
| ૧૬/૧૧/૨૦૨૦ | સોમવાર | નૂતન વર્ષ અને ભાઈબીજ |

# શાશ્વત સંદેશ

## ઓ ભારત, તારી શાન રહો

ઓ ભારત, તારી શાન રહો!
પાંચ ખંડની પૃથ્વીમાં તું,
અવિચળ એવું સ્થાન લહો! ... ઓ ભારત

વેઠે આજ વિપત્તિ ભારે,
વખત થયો વિપરીત અહો!
વાદળ જેમ વહી જાવ એ,
શાંતિ સમીર બધેય વહો! ... ઓ ભારત

ગૌરવભેર ધપો આગળ તું,
સૌને સાંત્વન-શબ્દ કહો,
આઝાદ રહી યુગોયુગ લગી,
નીતિ-ધર્મને નીત્ય ચહો! ... ઓ ભારત

-શ્રી યોગેશ્વરજી

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

# લવાજમ યોજના

**વાર્ષિક લવાજમ રુ.૧૦૦**

**આજે જ આપના લવાજમની રકમ ભરી દો અને દર મહિને વાંચનનો રસથાળ મેળવો**

---

**ઈ-બૅંકીંગ, મની ઓર્ડરથી ૫ કે ૧૦ વર્ષનું લવાજમ મોકલી શકાય છે**

આપણે સિનેમા વગેરેમાં મોટી રકમનો ખર્ચ કરતાં હોઈએ છીએ ત્યારે અમે લાવી રહ્યાં છીએ પ્રતિ માસ માત્ર રુ.૮ના ખર્ચમાં શિષ્ટ, સંસ્કારી સાહિત્યનો રસથાળ

**લવાજમ મોકલવાનું સ્થળઃ**

યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-૩૬૫૬૦૧

**ઈ-બૅંકીંગથી રકમ મોકલોઃ**

ખાતુંઃ યોગેશ કવીશ્વર
બૅંકઃ એસબીઆઈ, અમરેલી
ખાતા નં.૩૩૮૩૫૫૪૫૭૨૫
IFS CODE: SBIN0000312